કેસ આવ્યા તારીખ :- ૦૧/૦૭/૨૦૧૪
કેસ દાખલ તારીખ :- ૦૧/૦૭/૨૦૧૪
કેસ નિર્ણય તારીખ :- ૨૩/૧૦/૨૦૧૯
સમય ગાળો :- વર્ષ માસ દિવસ
૦૫ ૦૩ ૨૨

**મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ દાહોદ સમક્ષ, મુ.દાહોદ.**

સ્પે. મુકદમાં નં.૨૦/૨૦૧૪.
આંક :૬૦

**પક્ષકારોના નામ.**

(૧) પ્રેમચંદભાઈ છીતુભાઈ પરમાર
રહે. વીજાગઢ સામપુરા ફળીયા.તા.જી.દાહોદ.

.............વાદી

**વિરૂધ્ધ**

(૧) યુનિયન ઓફ ઈન્ડીયા
જનરલ મેનેજર,વેસ્ટર્ન રેલ્વે,
ચર્ચગેટ મુંબઈ. પીન. ૪૦૦ ૦૨૦

**દાવો રૂા. ૨૦,૦૦૦,૦૦/-ના આંકથી વળતર મેળવવા માટેનો.**

વાદી પક્ષ તરફે વિ. વકીલ :- શ્રી ડી.બી.શાહ
પ્રતિવાદી પક્ષ તર્ફે વિ. વકીલ :- શ્રી એમ.આઈ.રસીદભાઈ

**-:: જજમેન્ટ ::-**

**(૧) વાદીના દાવાની ટુકમા હકીકત એવી છે કે :-**

આ કામના વાદી તા. ૧૧/૦૭/૨૦૧૨ ના રોજ મજુરી કરવા જતા હતા ત્યારે રેલ્વે લાઈનની

પાસે "FOOT TRACK " ઉપર જઈને જતા હતા ત્યારે સવારના છ વાગે પાછળથી આવી '' ગુડઝ ટ્રેઈને'' અકસ્માત સર્જયો હતો તે વખતે PLAINTIFF WAS NOT CONSCIOUS OF THE ARRIVAL OF THE TRAIN. સદર ટ્રેન પાછળથી આવી હતી અને એન્જીન જે ગુડઝ ટ્રેઈનનુ હતુ તે વાદી સાથે અથડાતા પાછળના ભાગથી અથડાવેલુ જેથી વાદીનો ડાબો પગ કપાઈ ગયો હતો અને તેને ખોડ રહી ગયેલ હતી જેથી રેલ્વેની હદમા સદર બનાવ બનેલ હોય, જેથી મેડીકલ બીલ, ડોકટર ફી, લેબોરેટરી ચાર્જ એકસ રે રીપોર્ટ વિગેરે તથા કાયમી તેઓનો પગ ગુમાવવો પડેલ હોય ભવિષ્યની નુકશાની પેટે પ્રતિવાદીઓ પાસે વાદીએ રૂા. ૨૦,૦૦૦,૦૦/– ૧૨ ટકા લેખે તથા ખર્ચ સાથે મેળવવા હાલનો દાવો કરેલ છે.

(૨) વાદીના દાવાનો સમન્સ પ્રતિવાદીઓને બજતા પ્રતિવાદીઓ હાજર થયેલ છે પ્રતિવાદી એ આંક: ૯ થી દાવા જવાબ રજુ રાખેલ છે અને દાવા જવાબની વિગતે જણાવેલ છે કે, વાદીએ કાયદેસરની નોટીસ આપી નથી કે બજવી નથી વાદીનો દાવો ચલાવવા માટે નામદાર કોર્ટને હકુમત નથી, વાદીની દાવાની હકીકતો તદ્દન સત્યથી વેગળી છે અને તકરાર લીધેલ છે કે, રેલ્વેની લાઈન પાસે કોઈને પણ ચાલવા માટે "FOOT TRACK" હોતો નથી. આ અકસ્માતમા આ કામના વાદીએ રેલ્વેમા પ્રવેશવા માટે કોઈ ટીકીટ કોઈ પાસ, કોઈ પરમીટ લીધેલો નથી તેમજ તે રેલ્વેનો સર્વન્ટ ન હોઈ તેમજ આ કામના વાદી અકસ્માત વખતે રેલ્વેની હદમા ગેરકાયદેસર રીતે પ્રવેશતા હતા અને તેમ કરી આ કામના વાદીએ પોતાના '' ક્રિમીનલ એકટ '' લઈને તેમની બેદરકારીને લઈને અને તેના દાવામા કહેવા પ્રમાણે વાદી અકસ્માત વખતે ભાનમા ન હોવાથી આ અકસ્માત થયેલો છે. જેથી આ કામના વાદી કોઈ પણ સંજોગોમા કોઈ પણ જાતનુ તેમના માગ્યા મુજબનુ રૂા. ૨૦,૦૦૦,૦૦/– ૧૨ ટકાના વ્યાજ સાથે તેમજ ખર્ચ સાથે મેળવવાને પાત્ર થતા નથી. રેલ્વેની હકુમતમા તેઓનુ પ્રવેશવુ કોઈ રીતે કાયદેસર ન હોય વાદીનો દાવો રદ્દ કરવા તથા તેઓને થયેલ ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૩) આ કામે વાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | સાહેદનું નામ | આંક | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | પ્રેમચંદભાઈ છીતુભાઈનુ સોગંદનામુ | ૧૧ | |

(૪) આ કામે વાદી તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | સાહેદનું નામ | આંક | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ઈજા પામનારનુ શરીર સ્થિતીનુ પંચનામુ. | ૨૫ | |
| ૨ | બનાવવાળી જગ્યાના પંચનામાની નકલ | ૨૬ | |
| ૩ | સોની હોસ્પીટલનુ સર્ટીફીકેટ. | ૫૪ | |
| ૪ | સોની હોસ્પીટલનુ સર્ટીફીકેટ. | ૫૫ | |
| ૫ | પ્રેમચંદભાઈ પરમારના સોની હોસ્ટલના બીલ. | ૫૬ | |
| ૬ | પ્રેમચંદભાઈ પરમારના સોની હોસ્ટલના બીલ. | ૫૭ | |
| ૭ | લેબોરેટરીનુ બીલ | ૫૮ | |
| ૮ | લેબોરેટરીનુ બીલ | ૫૯ | |

સદર દાવા ના કામે વાદી પક્ષે આંક-૩૬ થી કલોજીંગ પુરશીશ રજુ થયેલ છે.

(૫) સદર કામે વાદી તર્ફે વિ.વ.શ્રી, જે.એલ.બારોટનાઓએ આંક.૪૪ થી તેઓની લેખી ત દલીલો તરફ દયાન દોરી મૌખિક રજુઆત કરી જણાવેલ છે કે, વાદી તા.૧૧/૦૭/૧૨ ના રોજ રેલ્વે ટ્રેક ઉપર પગદંડીના રસ્તે ચાલતા જતા હતા ત્યારે ગુડઝ ટ્રેન અચાનક ચાલુ થઈ જતા સાયરન વગાડેલ નહી જેથી આગળના એન્જીનનો ભાગ વાદી પ્રેમચંદભાઈ પરમારને અથડાતા તેઓ પડી ગયેલ અને ડાબો પગ કપાઈ ગયેલો. જેથી વાદીનો ડાબો પગ કપાઈ ગયેલ હોય આજીવન કામ કરી શકે તેમ નથી જેથી સદર અકસ્માત રેલ્વેની માલીકીની જગ્યામા બનેલ હોય જે જવાબદારી પ્રતિ વાદીને શીરે થાય છે જેથી દાવામા માગ્યા મુજબની દાદ મંજુર કરી વળતર અપાવવા અરજ કરેલ છે.

(૬) આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | સાહેદનું નામ | આંક | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | વિરજીભાઈ કલજીભાઈ નુ પુરાવાનુ એફીડેવીટ | ૩૯ | |
| ૨ | શ્રી નારાયણ , જૈનારાયણ ઔદિચ્યનુ પુરાવાનુ એફીડેવીટ | ૪૨ | |

(૭) આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

| ક્રમ | સાહેદનું નામ | આંક | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | વરિ.મન્ડલ સુરક્ષા આયુકત/રે.સુ.બલ રતલામનો રીપોર્ટ. | ૪૫ | |
| ૨ | દાહોદ રેલ્વે પોલીસ ઓફીસરે તા. ૧૧/૭/૧૨ ના રોજ સ્ટે. ડાયરી એન્ટ્રી નં. ૯/૧૨ દાખલ કરી તેની નકલ | ૪૬ | |
| ૩ | બનાવવાળી જગ્યાનુ પંચનામુ કરેલ તેની સહી સીકકાવાળી નકલ | ૪૭ | |
| ૪ | અકસ્માતમા ઈજા પામનાર પ્રેમચંદ પરમારનુ પોલીસે લીધેલ સ્ટેટમેન્ટની નકલ. | ૨૪ | |
| ૫ | નાયબ પોલીસ અધીક્ષકને વડોદરાને કરેલા તપાસ રીપોર્ટની નકલ | ૪૮ | |

સદર દાવા ના કામે પ્રતિવાદી પક્ષે આંક–૪૩ થી કલોઝીંગ પુરશીશ રજુ થયેલ છે.

(૮) પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી, એમ.આઈ રસીદ નાઓએ તેઓની આંક.૪૯ ની લેખીત દલીલો તરફ દયાન દોરી મૌખીક રજુઆતમા જણાવે છે કે, રેલ્વે લાઈનમા "FOOT TRACK" હોય છે તે પુરવાર કરવાની જવાબદારી વાદીની છે જે વાદી પુરાવાથી સાબીત કરી શકેલ નથી તેમજ વાદીએ તેમના દાવાના તથા લેખીત જવાબમા બેફીકરાઈથી ચાલતો હતો જેથી પાછળથી ટ્રેને અથડાવી દીધેલ, તેમજ સદર દાવો કરતા અગાઉ સેકશન–૮૦ ની નોટીસ તેઓને બજવણી કર્યાનો કોઈ દસ્તાવેજ વાદીએ રજુ કરેલ નથી. તેમજ આ કામના વાદીએ રેલ્વેની હદમા પ્રવેશવા કોઈ ટીકીટ,પાસ કે પરમીટ કે ઓથોરીટી રજુ કરેલ નથી જેથી વાદીની રેલ્વેની હદમા એન્ટ્રી '' અન ઓથોરાઈઝ પરશન '' તરીકેની છે. આંક–૪૨ થી સ્ટેશ નના અધીકારીને તપાસતા તેઓએ પગદંડીની હકીકત ડીનાઈ કરેલ છે. વાદીએ ક્રોસમા એવી હકીકત કબુલ કરેલ છે કે, જવા આવવાનો પુલ છે. રેલ્વેની પરમીશન વગર તેની હદમા પ્રવેશ

કરવો એ ગુન્હાહીત કૃત્ય છે. તેમજ બનાવ વખતે તેઓ બીજા ટ્રેક ઉપર ચાલતો હતો તે હકીકત કબુલેલ છે. વાદીએ પોતે અકસ્માત બાબતે ફરીયાદ આપી છે જેમા બનાવવાળી જગ્યાનુ અને શરીર સ્થિતીનુ પંચનામુ કરેલ છે જેમા આંક-૨૫,૨૬ અને ફરીયાદ આંક-૨૪ થી રજુ છે. જેમા વાદીએ એવી હકીકત જણાવેલ છે કે, ગુડઝ ટ્રેન નીચેથી નીકળવા જતા બનાવ બનેલ છે. જેથી નેગ્લીજન્સી અમો પ્રતિવાદીની નહી પરંતુ વાદીની છે. પોલીસે એવો રીપોર્ટ કર્યો છે કે, વાદીની બેદરકારીના કારણે ગુનો બનેલ હોઈ ફરીયાદ ખોટી છે. પગ કપાયા સિવાય બીજી કોઈ ઈજા થયેલ નથી. Sec.147 of Railway Act 1989 " ટ્રેસ પાસર ગણાય. વધુમાં હકુમત બાતની તેઓની આંક.૧૫ ની અરજી ચાલવા પાત્ર નથી જેથી આપ નામદાર કોર્ટ ને દાવો ચલાવવા ની સત્તા છે તેમ જણાવેલ છે. વધુમાં વાદીની દલીલમાં સેકશન ૧૨૪(એ) નોઉલ્લેખ કરેલ છે તથા જે જજમેનટ કેરલ છે તે માત્ર ને માત્ર રેલ્વે પેસેન્જર માટે છે નહી કે ટ્રેસ પાસર માટે, હાલના વાદી કર્મચારી નથી કે પેસેન્જર પણ નથી. જેથી સેક શન ૧૨૪(એ)વાદીને મદદકર્તા ન હોય તેમજ અમો પ્રતિવાદીની કોઈ બેદરકારી નથીજેથી દાવો નામંજુર કરી પ્રતિવાદીને ખર્ચ અપાવવા અરજ કરેલ છે.

(૯) આ કામે આંક:૧૦ થી મારા પુરોગામી ન્યાયધિશશ્રીએ નીચે મુજબના મુદા ઘડવામા આવેલ છે.

## -::: મુદા :::-

[1] Whether plaintiff proves that, he suffered injury in the accident caused by negligence of railway authority ?

[2] Whether plaintiff proves that, he suffered injury as stated in para 3 of the plaint ?

[3] Whether plaintiff proves that, the defendants were liable to pay compensation to the plaintiffs ? If yes what amount ?

[4] Whether plaintiff proves that, the defendants were liable to pay interest upon such amount ? If yes, at what rate ?

[5] Whether the defendant proves that the suit notice is not legal and valid ?

[6] Whether the defendant proves that the Civil Court has no jurisdiction to try this suit ?

[7] Whether the defendant proves that no proper cause of action has arose for filing the suit ?

[8] Whether the plaintiffs are entitled to get relief for ?

[9] what order and decree ?

**(૧૦)** ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક.

(૨) નકારાત્મક.

(૩) નકારાત્મક.

(૪) નકારાત્મક.

(૫) નકારાત્મક.

(૬) નકારાત્મક.

(૭) હકારાત્મક.

(૮) નકારાત્મક.

(૯) આખરી હુકમ મુજબ.

**<u>કારણો.</u>**

**<u>મુદા નં. ૧ થી ૭</u>**

**(૧૧)** આ દાવાના કામે વાદી તથા પ્રતિવાદીએ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા બાબતે જયારે મુલ્યાકન કરવાનુ થાય ત્યારે પ્રિ–પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિધ્ધાંત

પ્રમાણે ભારતીય પુરાવા અધિનિયમને ધ્યાને લઈને પુરાવાનુ મુલ્યાકન કરવાનુ થાય ત્યારે સાથોસાથ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ–૫૯, કલમ–૬૧,કલમ–૧૦૧ ને વંચાણે લેવી જરુરી છે જે નીચે મુજબ છે.

કલમ–૫૯ મૌખિક પુરાવાથી હકીકતોની સાબિતી

વિગતો સિવાય, તમામ હકીકતો મૌખીક પુરાવાથી સાબિત કરી શકાશે.

કલમ–૬૧ દસ્તાવેજોની વિગતોની સાબિતી.

દસ્તાવેજોની વિગતો પ્રાથમિક અથવા ગૌણ પુરાવાથી સાબિત કરી શકાશે.

કલમ–૧૦૧ સાબિતીનો બોજો

કોઈપણ (વ્યકિત) ઈચ્છતી હોય કે પોતે પ્રતિવાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે, તેણે તે હકીકત અસ્તિત્વમા છે તેમ સાબિત કરવુ પડે.

ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંલગ્ન હોય પુનરાવર્તન ટાળવાના આશયથી તેઓની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

(૧૨) આમ, ઉપરોકત બંને પક્ષો તર્ફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો તથા દલીલો ધ્યાને રાખીને સદર દાવાના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરવામા આવે તો, સૌ પ્રથમ મુદા નં.૧ થી ૪ સાબીત કરવાનો બોજો વાદીના શીરે છે જે બાબતે વિચારણા હાથ ધરવામાં આવે તો, મુદ્દા નં.૧ થી ૪ ની ચર્ચા એક સાથે કરુ તો, સદર કામે વાદી પ્રેમચંદભાઈ છીતુભાઈ પરમારને આંક–૧૧ થી સોગંદ ઉપર તપાસવામા આવેલા છે. તેઓએ તેમની અરજીને અનુરુપ જુબાની આપી જણાવેલ છે કે, તા.૧૧/૦૭/૧૨ ના રોજ રેલ્વે ટ્રેક ઉપર પગદંડીના રસ્તે ચાલતા જતા હતા ત્યારે ગુડઝ ટ્રેન અચાનક ચાલુ થઈ જતા સાયરન વાગેડલ નહી જેથી આગળના એન્જીનનો ભાગ વાદી પ્રેમચંદભાઈ પરમારને અથડાતા તેઓ પડી ગયેલ અને ડાબો પગ કપાઈ ગયેલો. જેથી વાદીનો ડાબો પગ કપાઈ ગયેલ હોય આજીવન કામ કરી શકે તેમ નથી જેથી સદર અકસ્માત રેલ્વેની માલીકીની જગ્યામા બનેલ હોય જે જવાબદારી પ્રતિવાદીને શીરે થાય છે જેથી દાવામા માગ્યા મુજબની દાદ મંજુર કરી વળતર અપાવવા અરજ કરેલ છે.

સદર કામે પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી, એમ.આઈ.રસીદભાઈ દ્રારા થયેલ ઉલટ તપાસ

ધ્યાને લેવામા આવે તો એ હકીકતનો સ્વિકાર કરે છે કે, તેઓ જયાંથી આવતા હતા ત્યાં છ રેલ્વે ટ્રેક આવેલા છે બનાવ વખતે તેઓ બીજા ટ્રેક ઉપર આવી ગયેલ તેમજ સીગ્નલ આપવામા આવે તો જ જે તે ટ્રેન પ્લેટફોર્મ ઉપર આવે. વધુમા એ હકીકતનો સ્વિકાર કરે છે કે, સીગ્નલ આપ્યુ હતુ તેથી ટ્રેન પ્લેટફોર્મ ઉપર આવી રહી હતી. તેઓ બીજા ટ્રેક ઉપર ચાલીને આવતા હતા અને પાછળથી ટ્રેન આવી અને અકસ્માત થયેલ. અકસ્માત સમયે તેઓ પાસે કોઈ સામાન ન હતો તેમજ તેમની સાથે કોઈ હતુ નહી. એ હકીકતનો સ્વિકાર કરે છે કે,રેલ્વેનુ એન્જીન ત્રણ મીટરનુ હોય છે.એ હકીકતનો સ્વિકાર કરે છે કે, અકસ્માત સમયે રેલ્વે પ્રિમાઈસીસમા પ્રવેશવા માટે તેઓની પાસે કોઈ પાસ કે પ્લેટફોર્મ ટીકીટ ન હતી. અકસ્માત બાદ તેઓ સોની હોસ્પીટલમા દાખલ થયેલ હતો. ત્યારે આર.પી.એફ.ના ઓફીસર તથા માણસો આવેલ હતાત્યાં તેમની પુછપરછ કરી જવાબ લીધેલ. માર્ક ૩/૪ અને ૩/૫ બતાવવામા આવે છે જે તેઓની શરીર સ્થિતીનુ પંચનામુ તથા બનાવવાળી જગ્યાનુ પંચનામુ છે જે આંક–૨૫,૨૬ થી રજુ છે.

વધુમા એ હકીકતનો સ્વિકાર કરે છે કે, પ્લેટફોર્મ નં. ૧ અને પ્લેટફોર્મ નં.૨ વચ્ચે જવા પુલ આવેલો છે. વધુમા એ એ હકીકતનો સ્વિકાર કરે છે કે, બનાવ વખતે તેઓ ભાનમા ન હતા. અકસ્માત સમયે તેઓની રોજની આવક રૂા. ૪૦૦ થી ૫૦૦ ની હતી. આવક બતાવવા તેમની પાસે કોઈ પુરાવો નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, ડોકટરોને મે સારવારના આપ્યા તેના કોઈ વાઉચરો રજુ કર્યા નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, રેલ્વે પાસેથી ખોટી રીતે વળતર મેળવવા આ ખોટો દાવો કર્યો છે.

આમ ઉપરોકત વાદીની જુબાનીમાં નીકળી આવેલ હકીકતો દયાને લેવામાં આવે તો બનાવ વખતે વાદી બીજા ટ્રેક ઉપર ચાલીને જતાં હતાં અને પાછળ થી ટ્રેન આવી જેથી અકસ્માત થયેલાનુ જણાવે છે જયારે તેઓની દાવા અરજીમાં જે બનાવ અંગે હકીકત જણાવેલ છે તે પ્રમાણે ફુટ ટ્રેક ઉપર ચાલતાં હતા તેવુ જણાવેલ છે. આમ બે અલગ પ્રકારની હકીકતો વાદી જણાવે છે. વધુમાં સદર વાદી ઉલટ તપાસમાં પ્રતિવાદીએ રજુ કરેલ દસ્તાવેજો માના આંક .૨૪ થી દસ્તાવેજ જે બનાવ બન્યા બાદ વાદીનુ પોલીસે લીધેલ નીવેદન છે જે નીવેદનને વાદીની ઉલટ તપાસ માં પ્રતિવાદી પક્ષે રીફર કરેલ છે. જેમાં વાદીએ બનાવની તપાસ દરમ્યાન જવાબ આપેલાની અને તેમાં તેઓની સહી હોવાની હકીકત કબુલ કરેલ છે. જે આંક.૨૪ નો દસ્તાવેજ વંચાણે લેવામાં આવે તો '' આજરોજ તા.૧૧/૦૭/૧૨ ના રોજ

હુ સવારના મારી સાસરી દેલસર માં હોય મારી સાસરી માંથી મારા ઘરે જવા નીકળેલ હતો હુ દેલસર થી નીકળી રેલ્વે સ્ટેશન યાર્ડ માંથી નીકળવા જતો હતો ત્યારે કોલસા ભરેલ એક માલગાડી રેલ્વે લાઈન ઉપર ઉભી હતી જેથી હુ રેલ્વે લાઈન ક્રોસ કરી માલગાડી ટ્રેન નીચેથી નીકળવા જતો હતો તે વખતે માલગાડી ટ્રેન એકદમ જાટકો મારી ઉપડેલ તે વખતે હુ એકદમ ગભરાય ગયેલ અને ટ્રેન ચાલુ થતા મારો ડાબો પગ ટ્રેન નીચે આવી જતા કપાય ગયેલ માલગાડી પાસ થયા પછી હુ એકદમ બુમાબુમ કરતાં આવતા જતાં કોઈ ઈસમે બી–કેબીન ઉપર જઈ જાણ કરેલી. '' આમ સદર આંક.૨૪ ના દસ્તાવેજમાં સ્પષ્ટ થયેલ હકીકત ની સાથે વાદીનુ ઉલટ તપાસ વખતે પ્રતિવાદીએ વાદી તર્ફે રજુ થયેલ માર્ક ૩/૪, માર્ક ૩/૫ ના દસ્તાવેજો ને રીફર કરેલા જે વાદીની શરીર સ્થીતિ નુ પંચનામુ અને બનાવ વાળી જગ્યા નુ પંચનામુ છે જેને અનુક્રમે આંક.૨૫ અને ૨૬ આપવામાં આવે છે. આમ આંક.૨૪, ૨૫, ૨૬ ના દસ્તાવેજી પુરાવા અકસ્માતવાળો બનાવ બન્યા બાદ તૈયાર કરવામાં આવેલા છે. ત્યારે આ ત્રણેય દસ્તાવેજો માં સ્પષ્ટ થયેલ હકીકત પ્રમાણે અકમસ્માત વાળો બનાવ ગુડસ ટ્રેન નીચેથી વાદી નીકળવા જતાં અકસ્માત થયેલો છે તેમ માનવાને કારણ રહે છે. વધુમાં અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે એક તરફ વાદી તેઓની દાવા અરજી રેલ્વે લાઈનની બાજુમાં આવેલ ફુટ ટ્રેક ઉપર ચાલતાં અકસ્માત થયેલાનુ જણાવે છે જયારે બીજી તરફ તેઓની પ્રતિવાદી એ કરેલ ઉલટ તપાસ માં ચાલતા બીજા રેલ્વે ટ્રેક ઉપર આવી જતાં પાછળ થી ગાડી આવતા અકસ્માત થયેલા નુ જણાવે છે જયારે ત્રીજી હકીકત જે રેકર્ડ ઉપરની આંક.૨૪, ૨૫, ૨૬ ના દસ્તાવેજો પ્રમાણે વાદી ટ્રેન નીચે થી નીકળવા જતાં અકસ્માત થયેલાની હકીકત સ્પષ્ટ થવા પામેલ છે. ત્યારે વાદીને આ કામના પ્રતિવાદીની બેદરકારી ના કારણે નહી પરંતુ તેઓની પોતાની બેદરકારી ને કારણે થયેલ હોવાનુ જણાય આવે છે.

વધુમાં વાદીની પ્રતિવાદી પક્ષે થયેલ ઉલટ તપાસ માં એ હકીકત પણ સ્પષ્ટ થવા પામેલ છે કે બનાવ ના અરસામાં વાદી પાસે રેલ્વે પ્રિમાઈશીસ માં પ્રવેશવા માટે કોઈ પાસ કે પ્લેટફોર્મ ટીકીટ ન હતી ત્યારે એ હકીકત માનવાને કારણ રહે છે કે વાદીએ પ્રતિવાદી રેલ્વે આથોરીટી ની હદમાં ગેરકાયદેસર પ્રવેશ કરી પાટા ઓળંગવા જતાં ગુડશ ટ્રેન નીચેથી નીકળવા જતાં એકદમ ગાડી ઉપડતાં પગ આવી જતાં અકસ્માત બનેલ છે ત્યારે વાદીની દાવા અરજી તથા લેખીત દલીલોમાં બનાવ અંગેની જે હકીકત જણાવેલ છે તે માનવાને પાત્ર રહેતી નથી. વધુમાં વાદી પક્ષે તેઓની લેખીત દલીલોમાં રેલ્વે એકટ ની કલમ ૧૨૪ 'એ' નો ઉલ્લેખ

કરી વળતરની માંગણી કરેલ છે તે બાબતે રેલ્વે એકટ ની કલમ ૧૨૪'એ' વંચાણે લેવામાં આવે તો જે વ્યકિત રેલ્વેની નોકરી માં હોય કે વ્યકિત પાસે પાસ કે પરમીટ હોય તેવી વ્યકિત ને કોઈ પણ અકસ્માત નો બનાવ બને તો વળતરનો લાભ મળવા પાત્ર છે જયારે હાલના દાવા ના કામે અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે વાદી પાસે કોઈ પાસ કે પ્લેટફોર્મ ટીકીટ જ નથી કે રેલ્વેની નોકરી માં નથી ત્યારે રેલ્વે એકટ ની કલમ ૧૨૪ 'એ' બાબતે ની વાદીની દલીલ તેઓને કોઈ રીતે મદદકર્તા નથી વધુમાં વાદી પક્ષે તેઓની દલીલ માં નામ. દિલ્લી હાઈકોર્ટ ના એ.એ આઈ આર ૨૦૦૪ દિલ્લી ૨૧૬ ના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. જે ચુકાદો વંચાણે લેવામા આવે તો તેમા રેલ્વે એકટ ની કલમ ૧૨૪ 'એ' બાબતે ચર્ચા કરી પેસેન્જર ને વળતર મળવા બાબતે ની હકીકત જણાવેલ છે ત્યારે સદર દાવા ના કામે અગાઉ કરેલ ચર્ચા દયાને લેવામાં આવે તો વાદી પાસે બનાવ વખતે કોઈ પાસ કે પ્લેટફોર્મ ટીકીટ જ ન હતી કે તેઓ રેલ્વેની નોકરીમાં પણ નથી ત્યારે સદર ચુકાદો વાદી પક્ષ ને કોઈ રીતે મદદરૂપ થતો નથી તેવુ અત્રેની અદાલત નુ નમ્ર પણે માનવુ છે.

વધુમાં પ્રતિવાદી પક્ષે તેઓની મૌખીક દલીલ વખતે તેઓની આંક.૧૫ ની હકુમત બાબતે ની તકરાર જતી કરેલ છે અને જણાવેલ છે કે અત્રેની અદાલત ને દાવો ચલાવવા ની સત્તા રહેલી છે તેહકીકત ની સાથોસાથ પ્રતિવાદી એ તેઓની લેખીત દલીલો માં જણાવેલ હકીકત દયાને લેવી અતિ મહત્વની થઈ પડે છે જે મુજબ જો કોઈ ઈસમ રેલ્વેમાં નોકરી કરતાં હોય અને પેસેન્જર હોય તો તેવા ઈસમ ને કલેઈમ વળતર મેળવવુ હોય તો તે માટે રેલ્વે ટ્રીબ્યુનલ માં જવુ પડે ત્યારે અગાઉ કરેલ ચર્ચા મુજબ અકસ્માત વાળો બનાવ બન્યો તે અરસામાં વાદી પાસે કોઈ પાસ કે પ્લેટફોર્મ ટીકીટ ન હતી કે તેઓ રેલ્વેના કર્મચારી પણ ન હતા ત્યારે સ્વાભાવીક છે કે રેલ્વે એકટ ની કલમ ૧૨૪ 'એ' ના પરવ્યુ માં પડતુ ન હોય વાદીએ સદર દાવા માટે રેલ્વે ટ્રીબ્યુનલ સમક્ષ નહી પરંતુ અત્રે ની અદાલતમાં દાવો દાખલ કરેલો છે. તે દાવો અત્રેની અદાલત ને ચલાવવાની સત્તા રહેલી છે ત્યારે સદર દાવા ના કામે આંક.૧૫ તળે જે તે વખતે મારા અગાઉ ના ન્યાયાધિશ શ્રી એ કરેલ હુકમ પ્રમાણે દાવા સાથે અરજી સાંભળી તે આંક.૧૫ ની હકુમત બાબત ની અરજી ટકવા પાત્ર રહેતી નથી.

વધુમાં પ્રતિવાદી પક્ષે આંક.૪૨ થી નારાયણ જયનારાયણ ઔદિચ્ય ને તપાસેલા છે જેની વાદી પક્ષે ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેને ધ્યાને લેતા તેઓ '' રેલ્વેમા ૩૦ વર્ષ ફરજ બજાવી નિવૃત થયેલ છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, બનાવ વખતે તેઓ ફરજ ઉપર

હાજર ન હતો. જે જગ્યાએ બનાવ બન્યો ત્યાં તેઓ હાજર ન હતા. બનાવ કેવી રીતે બન્યો તેની તેઓને જાણ નથી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, દરેક જગ્યાએ રેલ્વે લાઈનની બાજુમા પગદંડી રસ્તો હોય છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, રેલ્વે લાઈનનની બાજુમા હંમેશા લોકો આવતા જતા રહે છે. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, હંમેશા ફાટક ખુલ્લુ રહે છે. એ હકીકતનો સ્વિકાર કરે છે કે, કોઈપણ વ્યકિતને રેલ્વેમા મુસાફરી કરવી હોય તો સ્ટેશન પર આવવુ પડે. બનાવ બનતા તેઓ ત્યાં ગયેલ, અને તેઓએ ચેક કરેલ અને તેઓને માલુમ પડેલ કે તે વ્યકિત પાસે ટીકીટ ન હતી. એ હકીકતનો ઈન્કાર કરે છે કે, રેલ્વે અધીકારીઓની બેદરકારી ને કારણે બનાવ બનેલ.'' આમ સદર ઉલટ તપાસ દયાને લેતાં વાદી પક્ષ ને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત નીકળી આવતી નથી.

આમ ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા ના અંતે એ હકીકત નીર્વિવાદ છે કે વાદી પક્ષે તેઓની દાવા અરજીમાં જણાવ્યા પ્રમાણે નો અકસ્માત નો બનાવ ની હકીકત સાબીત કરવામાં નિષ્ફળ ગયેલ છે અને સદર અકસ્માત નો બનાવ પ્રતિવાદી ની બેદરકારી ના કારણે નહી પરંતુ વાદી ના ગુડશ ટ્રેન નીચેથી નીકળવા જતાં ટ્રેન અચાનક ઉપડતા બનાવા પામેલ છે ત્યારે તેમાં માત્ર ને માત્ર વાદીની બેદરકારી ના કારણે બનેલ હોવાનુ સ્પષ્ટ થયેલ છે જેથી વાદી ને સાબીત કરવાનો મુદદા નં.૧ સાબીત કરવામાં સદંતર નીષ્ફળ ગયેલ હોય મુદદા નં.૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવે છે. હવે વાદી જયારે મુદદા નં.૧ ની હકીકત સાબીત કરી શકેલ નથી ત્યારે વાદી ને તેઓની દાવા અરજમાં જણાવ્યા પ્રમાણે કોઈ પણ પ્રકારનુ વળતર મળવા પાત્ર થતુ નથી ત્યારે તેઓને સાબીત કરવાનો મુદદા નં. ૨, ૩, ૪ નકારાત્મક ઠરાવવા માં આવે છે. વધુમાં મુદદા નં. ૫ સાબીત કરવાનો બોજો પ્રતિવાદી પક્ષનો હતો જે તેઓ સાબીત કરી શકેલ ન હોય મુદદા નં. ૫ નો જવાબ નકારાત્મક ઠરાવવામાં આવે છે. વધુમાં મુદદા નં. ૬ સાબીત કરવાનો બોજો પ્રતિવાદી પક્ષ નો હતો જે તેઓ સાબીત કરી શકેલ ન હોય નકારાત્મક ઠરાવવા માં આવે છે. વધુમાં સદર દાવો દાખલ કરવા કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી તે બાબતેનો મુદદા નં.૭ સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદી ની હતી જે તેઓ સાબીત કરવામાં સફળ થયેલ હોય મુદદા નં.૭ નો જવાબ હકારાત્મક ઠરાવવામાં આવે છે.

<u>**મુદા નં.૮**</u>

**(૧૩)** આમ ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા દયાને લઈ વાદી પક્ષ જયારે તેઓને સાબીત કરવાના મુદદા નં. ૧ થી ૪ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. ત્યારે મુદદા નં.૮ મા જણાવ્યા પ્રમાણેની કોઈ દાદ મેળવવા હકદાર થતા નથી ત્યારે મુદદા નં.૮ નકારાત્મક ઠરાવી મુદદા નં.૯ બાબતે ન્યાય ના વિશાળ હીતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## –::: આ ખ રી હુ ક મ :::–

- **વાદીનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.**
- **કેસના સંજોગો જોતા પોતપોતાનો ખર્ચ પોતે ભોગવવો.**
- **હુકમ મુજબ હુકમનામુ દોરવું.**

હુકમ આજરોજ તારીખ : ૨૩ : માહે ઓકટોબર: સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : દાહોદ.

તારીખ: ૨૩/૧૦/૨૦૧૯

( રજનીકાંત નરસિંહભાઈ પટેલ )
Judge Code No [GJ00861]
પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજ,
દાહોદ.